# રાજ્યભરમાં ઠંડીનું તીવ્ર મોજું ફરી વળ્યું : નલીયામાં ૪.૪ ડીગ્રી

## ગાંધીનગરમાં ૯ ડિગ્રી : સવારે ૧૦ થી ૨૦ કિ.મી.ની ઝડપે ઠંડો પવન ફૂંકાયો

અમદાવાદ,તા.૨૨

જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં હીમપ્રપાત થવાને કારણે ગુજરાતભરમાં ઠંડીનું તીવ્ર મોજું ફરી વળ્યું છે. આજે વહેલી સવારે ૧૦ થી ૨૦ કિ.મી.ની ઝડપે ઠંડો પવન ફૂંકાયફો હતો.

રાજ્યમાં સૌથી ઓછું તાપમાન કચ્છના નલીયા ખાતે ૪.૪ ડીગ્રી નોંધાયું હતું. જ્યારે અમદાવાદ શહેરમાં પણ તાપમાનનો પારો ગગડીને ૧૧.૯ ડીગ્રીએ પહોંચ્યો હતો.

ગુજરાતમાં છેલ્લાં ત્રણ-ચાર દિવસથી ઠંડીનું જોર વધી રહ્યું છે. કડકડાતી ઠંડીને કારણે લોકોના જનજીવન પર અસર પડી રહી છે. ગ્રામ્ય વિસ્તારોમાં ઠંડીના કારણે સીમ-ખેતરમાંથી કામ પતાવીને લોકો સમીસાંજમાં જ ઘરમાં પૂરાય જાય છે.

નાના નગરોમાં ઠંડીના કારણે રાત્રે બજારો વહેલા બંધ કરી દેવામાં આવે છે. તેમજ રાષ્ટ્રીય ધોરી માર્ગો પર રાત્રે ટ્રાફિકનો ધમધમાટ પણ ઓછો જોવા મળે છે. રાજ્યના તમામ એસ.ટી. બસ મથકો પર રાત્રેમુસાફરોની સંખ્યામાં પણ ઠંડીના કારણે ઘટાડો થયો છે.

સૂત્રોના જણાવ્યા મુજબ આજે સવારે ૧૦ થી ૨૦ કિ.મીની ઝડપે ઠંડો પવન ફૂંકાયો હતો. હવામાનમાં ભેજના પ્રમાણમાં ઘટાડો નોંધાયો છે.

સાથે સાથે તાપમાનનો પારો પણ ગગડયો હતો આજે સૌરાષ્ટ્રના ધારીમાં લઘુતમ તાપમાન ૬.૫ ડીગ્રી નોંધાયું હતું જ્યારે ડીસામાં ૮.૪ ડીગ્રી અને અમેરલીમાં ૯.૨ ડીગ્રી નોંધાયું હતું હવામાન વિભાગના કહેવા મુજબ બે દિવસમાં તાપમાનમાં આંશિક વધારો થવાની શકયતા છે.

**વડીલોને વંદન અભિનંદન**



મનુપ્રસાદ એલ. જોશી (૧૯૪૩)ફોન:૨૩૨૪૮૦૬૧



ભરતકુમાર આર. ગાંધી (૧૯૪૯)ફોન:૨૩૨૩૧૫૬૮

### એબીવીપી પ્રદેશ અધ્યક્ષ, પ્રદેશમંત્રીની નિમણૂંક

અમદાવાદ, તા.૨૨

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના પ્રદેશ અધ્યક્ષપદે શૈલેષ ઝાલા અને પ્રદેશમંત્રી તરીકે રવિ દેસાઈની વરણી કરી છે. તાજેતરમાં વડોદરાની એમએસ યુનિવર્સિટીના એમકોમ હોલમાં એબીવીપીનં ૪૪મું પ્રદેશ અદિવેસન યોજાયુ હતુ. જેમાં પ્રદેશ અધ્યક્ષ અને પ્રદેશ મહામંત્રીની નિમણૂંક કરવામાં આવી છે. એમકોમ યુનિવર્સિટીના એમકોમ હોલમાં યોજાયેલ એબીવીપીના ૪૪માં પ્રદેશ અધિવેશનમાં રાજયભરમાંથી ૧૫૦ જેટલા કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં મુખ્ય મહેમાન તરીકે એબીવીપીના રાષ્ટ્રીય સહ-સંગઠન મંત્રી સુનિલ બંસલ ઉપસ્થિત રહ્યા હતા. આ અધિવેશનમાં મહિલા સુરક્ષા દેશની વર્તમાન શૈક્ષણિક પરિસ્થિતિની અને પર્યાવરણની જાળવણી વિષય પર ગુજરાતનો વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓએ ભાષણ કર્યા હતા. આ ઉપરાંત સ્વામી વિવેકાનંદની ૧૫૧મી જ જન્મજયંતિ નિમિત્તે રાષ્ટ્રીય સહ-સંગઠનમંત્રી સુનિલ બંસલને વ્યક્તવ્ય આપવામાં આવ્યું હતુ. ત્યારબાદ ગુજરાત પ્રદેશની નવી કારોબારીની ઘોષણા કરવામાં આવી હતી. જેમાં શૈલેષ ઝાલાને ગુજરાત પ્રદેશના નવા અધ્યક્ષ તેમજ રવિ દેસાઈને પ્રદેશમંત્રી તરીકે નિમણૂક કરવામાં આવી હતી.



ટ્રાફિક સપ્તાહ દરમિયાન સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલા ટ્રાફિકને લગતા નમૂનાની સ્પર્ધા યોજાઈ હતી. આ સંબંધમાં એવોર્ડ અપાયા હતા.

### એક કા તીન કૌભાંડમાં ઈમ્તિયાઝ સૈયદના જામીન રદ

અમદાવાદ, તા. ૨૨

એક કા તીન કૌભાંડ કેસમાં જામીન ઉપર મુક્ત થયેલાં ઈમ્તિયાઝ સૈયદના મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ બી. જે. ગણાત્રાએ જામીન રદ કર્યા છે. ૨૮મી જાન્યુઆરીએ કોઈ સમક્ષ હાજર રહેવા આદેશ કર્યો છે.

ઈમ્તિયાઝ સૈયદને ગુજરાત હાઈકોર્ટે દર માસે કુલ રૂપિયાના ૨૦-૨૦ ટકા લેખે પૈસા જમા કરાવવાની શરતે જામીન મંજૂર રાખ્યા હતા.

ગુજરાત હાઈકોર્ટના આદેશ બાદ પણ જામીન ઉપર છૂટ્યા બાદ પણ આરોપી ઈમ્તિયાઝ સૈયદ કોર્ટમાં પૈસા જમા કરાવ્યા ન હતાં. આરોપીએ કોર્ટની શરતનો ભંગ કર્યો હોવાથી તેના જામીન રદ કરવા ફરિયાદીના વકીલે કોર્ટમાં અરજી કરી હતી. સુનાવણી દરમ્યાન ઈમ્તિયાઝ સૈયદ કોર્ટમાં હાજર રહ્યા ન હતા. તેમના વકીલે કોર્ટમાં એવી રજુઆત કરી હતી કે ઈમ્તિયાઝ સૈયદ બીમાર હોવાથી કોર્ટમાં હાજર રહી શક્યા નથી.

# કોંગ્રેસના ધારાસભ્યોએ વિપક્ષ નેતા માટે સોનિયાને સત્તા આપતો ઠરાવ કર્યો

**કોંગ્રેસના નિરીક્ષકો શીલા દિક્ષીત અને મોહન પ્રકાશે ધારાસભ્યોને વ્યક્તિગત મળી મત જાણ્યો**

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત વિધાનસભાના સમિતિ ખંડમાં આજે શપથવિધિના પ્રારંભ પહેલાં જ કોંગ્રેસના ધારાસભ્યોની બેઠક મળી હતી. જેમાં દિલ્હીના મુખ્યમંત્રી શીલા દિક્ષીત અને પ્રદેશના પ્રભારી મોહન પ્રકાશની ઉપસ્થિતિમાં ધારાસભ્યોએ વિપક્ષના નેતા પદે વરણી માટે કોંગ્રેસ અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધીએ સત્તા આપતો એક લીટીનો ઠરાવ કરાયો હતો. મોડી રાત્રે વિપક્ષના નેતાપદે શંકરસિંહ વાઘેલાની વરણીની કોંગ્રેસ દ્વારા સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી.

પાટનગર ગાંધીનગરમાં વિધાનસભા સંકુલના સમિતિ ખંડમાં આજે ધારાસભ્યોની શપથવિધિના પ્રારંભ પહેલા જ વિધાનસભા કોંગ્રેસ પક્ષ (સીએલપી)ની બેઠક મળી હતી. આ બેઠકમાં નિરીક્ષકો તરીકે દિલ્હીના મુખ્યમંત્રી શીલા દિક્ષીત તથા પ્રદેશના પ્રભારી મોહનપ્રકાશ હાજર રહ્યા હતા. તેમજ પ્રદેશના પ્રમુખ અર્જુન મોઢવાડિયા અને વિપક્ષના પૂર્વ નેતા શક્તિસિંહ ગોહિલે ઉપસ્થિત રહીને તમામ ધારાસભ્યોને આવકારીને અભિનંદન આપ્યા હતા. બંને નિરીક્ષકો તમામ ધારાસભ્યોને વ્યક્તિગત મળ્યા હતા અને વિપક્ષના નેતાપદ માટેનો મત જાણ્યો હતો. ધારાસભ્યોની બેઠકમાં પાંચ જેટલા ઠરાવો કરવામાં આવ્યા હતા.

જેમાં એક ઠરાવ એવો કરવામાં આવ્યો હતો કે વિપક્ષના નેતાપદે કોને નીમવા તેની સત્તા કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીને સત્તા આપવામાં આવે છે. આ ઉપરાંત રાહુલ ગાંધીની એઆઈસીસીના ઉપાધ્યક્ષ તરીકે વરણી થઈ તેમને અભિનંદન આપતો ઠરાવ તેમજ વિપક્ષના પૂર્વ નેતા શક્તિસિંહ ગોહિલ અને ૧૨મી વિધાનસભાના કોંગ્રેસના ધારાસભ્યોની કામગીરી બિરદાવીને તમામનો આભાર માનતો ઠરાવ, કોંગ્રેસની જયપુર ખાતેની ચિંતન બેઠકમાં લેવાયેલા નિર્ણયોને આવકાર આપતો ઠરાવ તથા મોરવાડફના ધારાસભ્ય સવિતાબેન ખાંટને શ્રદ્ધાંજલિ આપવા બે મિનીટનું મૌન પાળીને શોકાંજલી આપતો ઠરાવ કરાયો હતો. આ બેઠકમાં પ્રદેશના પૂર્વ પ્રમુખ સિદ્ધાર્થ પટેલ, સાંસદો જગદીશ ઠાકોર, મુકેશ ગઢવી, સોમાભાઈ પટેલ, ડો. પ્રભાબેન તાવિયાડ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદમાં ઈદે મિલાદના દિને ભવ્ય જુલુસ નીકળશે

**જુલુસમાં ૬૦ શણગારેલી ટ્રકો, ૧૮ ઉટગાડીઓ, ૧૪ નિશાન અલમ પાર્ટીઓ, ૩ અખાડા જોડાશે**

અમદાવાદ, તા. ૨૨

ઈસ્લામ ધર્મના મહાન પયગમ્બર હઝરત માહંમદ (સ.અ.વ.) સાહેબના જન્મદિન ઈદે મિલાદ તા.૨૫મીને શુક્રવારે રાજ્યભરમાં ખૂબ જ ઉત્સાહથી ઉજવવામાં આવશે.

ઈલે મિલાદ સેન્ટ્રલ કમિટીના અગ્રણીઓ જે. વી. મોમીન તથા ચુના માસ્તરે જણાવ્યું છે કે ઈલે મિલાદ નિમિત્તે મુસ્લિમ બહુલ વિસ્તારોમાં રોજ રાત્રે વાયજ તથા મિલાદના ભવ્ય કાર્યક્રમો ઉત્સાહપૂર્વક ઉજવાઈ રહ્યા છે. ઈલેમિલાદના દિને અમદાવાદ શહેરમાં ભવ્ય જુલુસ નીકળશે. આ સંદર્ભે પોલીસની પરવાનગી માટે ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે ચર્ચા કરી છે. ઈદે મિલાદના ભવ્ય જુલુસમાં ૬૦ શણગારેલી ટ્રકો, ૧૮ ઉટગાડીઓ, ૧૪ નિશાન અલમ પાર્ટીઓ, ૩ અખાડા, ૪ બેન્ડ, ૬ ઘોડા, ૨ બગી સુંદર કલાત્મક રીતે શણગારેલી, ૫ મક્કા શરીફ, ૮ મદીના શરીફના રોઝાની કલાકૃતિઓ, ૨૦ ઢોલ ત્રાંસા પાર્ટીઓ તેમજ સફેદ વસ્ત્રો અને લીલી પાઘડીમાં સજ્જ હમ્દ અને નાઅત પઢતા દાવતે ઈસ્લામીના હજારો મુસ્લિમ બિરાદરો ભવ્ય જુલુસમાં જોડાશે.

અમદાવાદ શહેરમાં જુલુસ વ્યવસ્થા માટે રફીક નગરી, રઝબઅલ્લી, નુરભાઈ શેખ પરવેઝ મોમીન અને હબીબ જેવ સહિતના યુવા અગ્રણીઓ સેવા આપશે. અમદાવાદ શહેરમાં જુલુસ જમાલપુર દરવાજા જમાલપુર ચકલા, ખમાસા, હોમમાર્કેટ કારંજ, ખાસ બજાર, ત્રણ દરવાજા કોલસા ગલી, રિલીફ રોડ થઈને મિરઝાપુર કુરેશી ચોકમાં સભાના રૂપમાં ફેરવાશે.

# સાદીક કેસ : તરૂણ બારોટના જામીન અંગે ૨૯મીએ ચુકાદો

## સાદીકની કસ્ટડી તરૂણ બારોટે મેળવી હોવાના પુરતા પુરાવા : સીબીઆઇ

અમદાવાદ, તા. ૨૨

રાજ્ય સહિત દેશભરમાં ચકચાર જગાવનાર સાદીક જમાલ એન્કાઉન્ટર કેસમાં જેલના સળિયા પાછળ ધકેલાયેલા સસ્પેન્ડેડ ડીવાયએસપી તરૂણ બારોટના રેગ્યુલર જામીન અરજી મામલે સીબીઆઇ ૨૯મી જાન્યુઆરીએ પોતાનો ચુકાદો જાહેર કરશે.

સાદીક એન્કાઉન્ટર કેસમાં જામીન મેળવવા તરુણ બારોટે કરેલી જામીન અરજીમાં એડવોકેટ રોહિત વર્માએ કોર્ટમાં એવી દલીલો કરી હતી કે તરૂણ બારોટની સામે કોઈ જ પુરતાં પુરાવા નથી. સીબીઆઈની ચાર્જશીટમાં તરૂણ બારોટે સાદીકની કસ્ટડી મેળવી હોવાના કોઈ ઠોસ પુરાવા નથી. આ કેસમાં સીબીઆઈએ માત્ર શંકાના આધારે ધરપકડ કરી કોર્ટમાં ચાર્જશીટ રજુ કરી છે. આરોપી છેલ્લા ઘણાં વર્ષોથી ગુજરાત પોલીસ ખાતામાં નિષ્ઠાવાન અધિકારી તરીકે ફરજ બજાવતાં હતાં. આ કેસમાં ચાર્જશીટ થઈ ગઈ છે. હવે કોઈ તપાસ કરવાની બાકી રહેતી નથી. શરતોને આધીન જામીન મુક્ત કરવા વિવિધ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ચુકાદા ટાંકવામાં આવ્યા હતા.

જ્યારે બીજી તરફ સીબીઆઈના વકીલ એસ. એચ. સૈયદે તરૂણ બારોટને જામીન નહીં આપવા કોર્ટમાં રજુઆત કરી હતી જેમાં એક પોલીસ અધિકારી કાયદો જાણતો હોવા છતાં કાયદાનો સરેઆમ ભંગ કર્યો છે. મુંબઈથી સાદીકની કસ્ટડી મેળવી હતી. તેના સચોટ પુરાવા છે.

આરોપી પોલીસ અધિકારી હોવાથી કેસના સાક્ષી અને પુરાવા સાથે ચેડા કરે તેવી પુરેપૂરી શક્યતા રહેલી છે. આવા ગંભીર પ્રકારના ગુનામાં જામીન નહીં આપવા રજુઆત કરી હતી.

બંને પક્ષકારોની રજુઆતો પૂર્ણ થતાં સીબીઆઈ કોર્ટના ખાસ જજ બી. કે. ગુજરાથીએ પોતાનો ચુકાદો અનામત રાખ્યો છે. આ અંગે ૨૯મી જાન્યુઆરીએ ચુકાદો જાહેર થાય તેવી શક્યતા છે.

# દિપેશ-અભિષેક કેસ : ઉદય સાંગાણી સહિત ૭ને સમન્સ

## સીઆઈડી ક્રાઈમે આરોપીઓ સામે કોર્ટમાં ચાર્જશીટ રજુ કરી હતી

અમદાવાદ, તા. ૨૨

આસારામ આશ્રમમાં અભ્યાસ કરતાં બે માસુમ બાળકો દિપેશ અને અભિષેકના થયેલા રહસ્યમય અપમૃત્યુ કેસમાં આસારાના સાધકો ઉદય સાંગાણી સહિત સાતને ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ બી. આર. બારોટે કોર્ટમાં હાજર રહેવા સમન્સ જારી કર્યા છે. આ મામલે આજે સુનાવણી હાથ ધરાશે.

દિપેષ અભિષેક અપમૃત્યુ કેસમાં સીઆઈડી ક્રાઈમે આસારામ આશ્રમના પંકજ સકસેના, યોગેશ ભાટી, મીન કેતન પાત્રા, વિકાસ ખેમકા, ઉદય સાંગાણી, અજય શાહ અને કૌશિક વાણીની સામે આઈપીસીની કલમ ૩૦૪(અ), ૩૪ અને ૧૧૪ મુજબ ધરપકડ કરી ચીફ મેટ્રો કોર્ટમાં ચાર્જશીટ રજુ કરી હતી. આ કેસ આગળ ચલાવવા માટે ઉદય સાંગાણી સહિત સાત આરોપીઓને ચીફ કોર્ટે સમન્સની બજવણી કરી હતી. તમામ આરોપીઓને સમન્સની બજવણી થતાં આવતીકાલે સુનાવણી હાથ ધરાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે દિપેશ અભિષેક અપમૃત્યુ કેસ મામલે રાજ્ય સરકારે નિવૃત્ત જસ્ટીસ ડી. કે. ત્રિવેદી તપાસ પંચની રચના કરી છે. પંચ સમક્ષ આસારામ બાપુ અને તેના પુત્ર નારાયણ સાંઈએ જુબાની આપી છે. જયારે સીઆઈડી ક્રાઈમે આ કેસમાં આસારામના સાધકોની ધરપકડ કરી કોર્ટમાં ચાર્જશીટ રજુ કરી હતી.

આ કેસની વિગત એવી છે કે આસારામ આશ્રમમાં અભ્યાસ કરતાં બે માસુમ બાળકો દિપેશ અભિષેક લાપતા થઈ ગયા હતાં. ત્યાર બાદ બંને બાળકોની લાશ નદીના પટમાંથી મળી આવી હતી. તાંત્રિક વિધિ કરી બાળકોની હત્યા કરવામાં આવી હોવાના બાળકોના પિતાએ આક્ષેપ કર્યો હતો.

# રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આર.આઈ.એમ.સી. દહેરાદૂનની પ્રવેશ પરીક્ષાના આવેદનપત્રો મંગાવાયા

## જૂન ૨૦૧૩ માટેની ધો-૮ની પ્રવેશ પરીક્ષા ૧લી અને ૨ જૂન ૨૦૧૩ના રોજ યોજાશે

ગાંધીનગર, તા.૨૨

રાષ્ટ્રીય ઈન્ડીયન મીલીટરી કોલેજ (આર.આઈ.એમ.સી.) દહેરાદૂન પ્રવેશ પરીક્ષામાં બેસવા માંગતા ઉમેદવારો પાસેથી આવેદનપત્રો મંગાવાયા છે. ઉમેદવારે ૩૧મી માર્ચ સુધીમાં આવેદનપત્રો ફરીને મોકલવા રાજય પરીક્ષા બોર્ડ દ્વારા જણાવાયું છે.

રાજય પરીક્ષા બોર્ડ દ્વારા આર.આઈ.એમ.સી., દહેરાદૂનની જૂન ૨૦૧૩ ટર્મ માટેની ધો-૮ની પ્રવેશ પરીક્ષા તા.૧લી અને ૨ જૂન ૨૦૧૩ના રોજ સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે યોજાશે. આ પરીક્ષા માટેના ફોર્મ કમાડન્ટ રાષ્ટ્રીય ઈન્ડિયન મીલીટરી કોલેજ દહેરાદૂન, ઉત્તરાંચલ પાસેથી ૪૫૦ રૂ.નો ડિમાન્ડ ડ્રાફટ પેએબલ એટસ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, તેલ ભવન, દહેરાદૂન બેંક, કોડ નં. ૦૧૫૭૬ને મોકલવાથી મળી શકશે.

આર.આઈ.એમ.સી. દહેરાદૂનની જુન ૨૦૧૩ ટર્મ માટેના ધો-૮ના આવેદનપત્રો બે નકલમાં ભરી ૫૦ રૂ.નો ડિમાન્ડ ડ્રાફટ (જનરલ કેટેગરી) અને ૫ રૂ.નો ડિમાન્ડ ડ્રાફટ એસ.સી./એસ.ટી. કેટેગરી માટે ભરીને ત્રણ પાસપોર્ટ સાઈઝના ફોટા તથા જન્મના દાખલાની નકલ સાથે 'સચિવશ્રી, રાજય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજય' સરકારી પુસ્તકાલય પાસે, સે-૨૧, ગાંધીનગરને તા. ૩૧મી માર્ચ ૨૦૧૩ સુધીમાં અથવા તે પહેલાં પહોંચતા કરવાના રહેશે. રાષ્ટ્રીય ઈન્ડિયન મીલીટરી કોલેજ દહેરાદૂન પ્રવેશ પરીક્ષા ફકત ધોરણ-૭ પાસ અથવા ધોરણ-૭માં ભણતાં ૧લી જાન્યુઆરી ૨૦૧૪ પહેલા ધો-૭ પાસ કુમારો માટે જ છે. આ પરીક્ષામાં બેસવા માટે ઉમેદવાર ૧લી જાન્યુઆરી ૨૦૧૪ના રોજ સાડા અગિયાર વર્ષ કરતાં નાનો અને ૧૩ વર્ષ કરતાં મોટો હોવો જોઈએ નહીં એટલે કે ઉમેદવાર તા. ૨ જાન્યુઆરી ૨૦૦૧ પહેલા અને તા. ૧ જુલાઈ ૨૦૦૨ પછી જન્મેલો હોવો જોઈએ નહિ.

# દુષિત પાણી ખારી નદીમાં ઓકતી ફેકટરીઓ સામે આંદોલનના એંધાણ

## મૌછા-આમોદરા ગામ પાસે નદીમાં દુષિત પાણી ઠલવાય છે તંત્ર સમક્ષ અનેકવાર રજુઆત કરવા છતાં પરિણામ ન આવતા ગ્રામજનો આંદોલનના મુડમાં

પ્રાંતિજ, તા.૨૨

પ્રાંતિજ તાલુકાના મૌછા અને આમોદરા ગામમાંથી પસાર થતી ખારી નદીમાં આસપાસ આવેલી ફેકટરીઓ કેમિકલ યુકત દુષિત પાણી ઠાલવે છે. આ દુષિત પાણીથી ગ્રામજનોના આરોગ્ય સામે ખતરો મંડરાઈ રહ્યો છે. અનેકવાર તંત્ર સમક્ષ રજુઆત કરવા છતાં નકકર પરિણામ ન આવતા ગ્રામજનોએ આ મુદ્દે આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.

પ્રાપ્ત માહિતી મુજબ પ્રાંતિજના મૌછા અને આમોદરા ગામની સીમમાંથી પસાર થઈ રહેલી ખારી નદીમાં આસપાસની ફેકટરીના માલિકો ખારી નદીમાં કેમીકલ યુકત દુષિત પાણી ઠાલવે છે. ફેકટરીઓ દ્વારા સરકારના નિતિ નિયમોની હાંસી ઉડાવતા હોય તેમ પ્રદુષણ ફેલાવીને દુષિત પાણી નદીમાં ઠાલવે છે. પ્રદુષણ ઓકતી ફેકટરીઓથી આસપાસનું વાતાવરણ પણ દુષિત થાય છે. તેમજ ખેડુતોની જમીન અને પાકને પણ નુકશાન પહોંચે છે. નદીમાં કેમીકલવાળુ પાણી ભળતા આ પાણી પશુ પક્ષીને પીવા લાયક પણ રહેતું નથી. આ દુષિત પાણીના કારણે આસપાસના ગામડાના લોકોના સ્વાસ્થ્ય પર ખતરો મંડરાઈ રહ્યો છે. આ ગંભીર સમસ્યાને ધ્યાને લઈ ગ્રામજનોએ પ્રદુષણ નિયંત્રણ બોર્ડની ઓફિસમાં લેખિત અને મૌખિક અનેકવાર રજુઆત કરવા છતાં પણ બોર્ડના અધિકારીઓના પેટનું પાણી હાલતું નથી. આજ દિન સુધી તંત્ર એ ફેકટરીઓ સામે અસરકારક કાર્યવાહી ન કરી હોવાનું ગ્રામજનો જણાવી રહ્યા છે. કલેકટર કચેરી સુધી રજુઆતો કરવા છતાં તંત્રના બહેરા કાને આની કોઈ અસર જણાતી નથી. તાકિદથી આ કેસમાં કડક પગલા ભરવામાં નહીં આવે તો ગ્રામજનો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલનના મૂડમાં જણાય છે.

### માર્ગને સીક્સલેન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેમાં ગ અને ખ માર્ગને ૧૪માંથી ૨૦ મીટર પહોળા કરવા તંત્ર કક્ષાએથી દરખાસ્ત તૈયાર કરવામાં આવી છે. જો કે આ કામગીરી પાછળ પ્રતિ કીલોમીટરે અંદાજિત રૂ. ૧૦ કરોડનો ખર્ચ થાય તેમ છે. તંત્રએ ખર્ચના અંદાજ સાથે દરખાસ્ત તૈયાર કરી ટૂંકમાં વિભાગને સુપ્રત કરશે. બજેટલક્ષી દરખાસ્તને મંજૂરી અપાયા બાદ કામગીરી હાથ ધરાશે.

### વિધાનસભાના દ્વારેથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજ પ્રમાણે જયેશ રાદડિયાએ ધારાસભ્ય તરીકે પ્રથમ શપથ લીધા હતા અને બાદમાં શ્રી વિઠ્ઠલ રાદડિયાએ શપથ લીધા હતા.

બાપ કરતાં બેટા સવાયા નીકળ્યા તેમ બન્ને પુત્રોએ સરસાઈમાં પણ પિતા કરતાં ઘણી મોટી સરસાઈએ વિજય હાંસલ કર્યો હતો જે ઉલ્લેખની છે.

**● બાપા ગૃહમાં મોડા આવ્યા**

પરિવર્તન પાર્ટીના સુપ્રીમો શ્રી કેશુભાઈ પટેલ આજે ૧૨ વાગે ગૃહની બેઠક શરૂ થઈ ત્યારે અન્ય રોકાણને લઈ સમયસર ગૃહમાં હાજર રહ્યા ન હતા. તેઓ ૧ વાગ્યા પછી આવ્યા હતા અને તેમણે ધારાસભ્ય તરીકેના શપથ લીધા હતા.

**● અને છેલ્લે...**

આજે રાજ્ય વિધાનસભામાં રાજ્યના બે પૂર્વ રાજ્યપાલશ્રીઓ સ્વ. નવલકિશોર શર્મા, શ્રી કૈલાસપતિ મિશ્રના દુઃખદ અવસાન અંગે શોકદર્શક પ્રસ્તાવ રજુ કરાશે. આ ઉપરાંત પૂર્વ પ્રધાનમંત્રી સ્વ. આઈ.કે. ગુજરાલ તેમજ આ વિધાનસભાની રચના થતાં જ અવસાન પામેલા સ્વ. સવિતાબેન ખાંટને પણ શ્રદ્ધાંજલિ આપતા શોકદર્શક પ્રસ્તાવ રજુ થશે.


**ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિ.**

હેન્ડલુમ ટેકનોલોજી ઈન્સ્ટીટ્યુટ, સેક્ટર-૧૩, ગાંધીનગર.

ફોન નં. : ૦૭૯-૨૩૨૪૧૭૧૨/૨૩૨૪૭૦૩૩/૨૩૨૪૭૦૫૬

**સફાઈ કામગીરીની ટેન્ડર જાહેરાત**

નિગમના હેન્ડલુમ ટેકનોલોજી ઈન્સ્ટીટ્યુટ, સેક્ટર-૧૩ ખાતેના બિલ્ડીંગમાં સફાઈની કામગીરી માટે આ કામની અનુભવી એજન્સીઓ પાસેથી ટેન્ડર ફી રૂ. ૫૦૦/- (નોન રીફંડેબલ) ભરીને કોરું ટેન્ડર ૧૧.૦૦ થી ૧૭.૦૦ કલાક દરમિયાન તા. ૪-૨-૨૦૧૩ સુધીમાં મેળવી, ભરેલું ટેન્ડર તા. ૫-૨-૨૦૧૩ના ૧૭.૦૦ કલાક સુધીમાં કવર ઉપર 'એચ.ટી.આઈ. બિલ્ડીંગની સફાઈ કામગીરીનું ભાવ પત્રક' લખીને ઉપરોક્ત સરનામે પહોંચાડવા જણાવવામાં આવે છે.

**મેનેજીંગ ડીરેક્ટર**


## શબ્દાવલી - ૪૯૫૯

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | ■ | ૩ | | ૪ |
| | ■ | ■ | ૫ | ૬ | | ■ | |
| ૭ | | ૮ | ■ | | ■ | ૯ | ■ |
| | ■ | | ■ | ૧૦ | ૧૧ | | ૧૨ |
| ■ | ૧૩ | | ૧૪ | ■ | | ■ | |
| ૧૫ | | ■ | ૧૬ | ૧૭ | ■ | ૧૮ | |
| ૧૯ | | | | | ૨૦ | ■ | ■ |
| ૨૧ | | ■ | ■ | ૨૨ | | | |

**આડી ચાવી**

૧. હિતમાં આડે આવનાર (૪)
૩. યુવાન, સૈનિક... (૨)
૫. કુટાવુ (૩)
૭. લગામ, હંટર (૩)
૧૦. ઈચ્છા વગરનું (૪)
૧૩. શાપયુક્ત, કુદરતનો કોપ જેના પર ઉતર્યો હોય તેવું (૩)
૧૫. કાળકામાં... નામે પ્રચલિત છે (૨)
૧૬. શીશો, આયનો (૨)
૧૮. સન્માનિત કરવું, ...આપવું (૨)
૧૯. રાષ્ટ્રીય ગીત (૬)
૨૧. વેલ (૨)
૨૨. સુનિલ દત્તની સ્વર્ગસ્થ પત્ની (અભિનેત્રી) (૪)

**ઊભી ચાવી**

૧. ચળવળ, પ્રવૃત્તિ (૪)
૨. ખામી, ખોટ (૨)
૩. આવવુંનું વિરોધી (૨)
૪. આકાશ (૨)
૬. પ્રેમ, ચાહવું તે (૩)
૮. કયારેય પણ (૩)
૯. વૃધ્ધાવસ્થા (૨)
૧૧. મોખરાનું, પહેલું (૨)
૧૨. દબાવવું તે (૩)
૧૩. નમ્ર, ખાનદાન (૪)
૧૪. તાકવાનું નિશાન (૩)
૧૫. મેશ, અંજન (૩)
૧૭. બાગ, ઉધાન (૩)
૨૦. માણસ, પુરૂષ, મનુષ્ય (૨)

**શબ્દાવલી ૪૯૫૮ના જવાબ**

**આડી ચાવી :-** (૧) ચિત્રકાર (૩) સુરાગ (૫) ટસર (૭) ગમોઅણગમો (૧૦) વાજ (૧૨) ગળો (૧૪) આરોપ (૧૬) માટીપગો (૧૭) સાધક (૧૮) પારેવડુ (૧૯) રાયણ

**ઊભી ચાવી :-** (૧) ચિરાગ (૨) રટણ (૩) સુરમો (૪) ગજબ (૬) સગડી (૮) મોવાળો (૯) અજ (૧૧) પારો (૧૨) ગમ (૧૩) સાટીકડુ (૧૪) આગોતરા (૧૫) પળોજણ (૧૬) માધવ (૧૭) સારે